
ઈલ્યાસ શેખ

# કામરેજના નવાગામમાં જુગાર રમતા ૬ ઝડપાયા, ૨ વોન્ટેડ

પલસાણાઃ સુરત એલસીબી અને પેરોલ ફ્લો સ્ક્વોડે કામરેજના નવાગામની સીમમાં BSNL ઓફિસ પાસે ચાલતા વરલી મટકાના જુગાર પર સફળ રેડ પાડી છે. પોલીસે ઘટના સ્થળેથી જુગાર રમાડનાર અને રમવા આવેલા કુલ ૬ ઈસમને રંગેહાથ ઝડપી લીધા હતા. આરોપીઓ પાસેથી ૧૫,૧૮૦ની રોકડ, ૬ મોબાઈલ, ડાયરીઓ અને એક મોપેડ સહિત કુલ ૪૧,૬૮૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. પકડાયેલા આરોપીઓમાં ચીમનભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉં.વ.૬૨) (નિવૃત્ત) (રહે.,નવાગામ, વચલું ફળિયું, તા.કામરેજ), સતીષભાઈ મોહનભાઈ ચૌહાણ (ઉં.વ.૬૫) (વય નિવૃત્ત) (રહે.,મકાન નં.૧૦૬, રાધિકા એપાર્ટમેન્ટ, નનસાડ રોડ, તા.કામરેજ), સફી અહમદ હમીન મિયા (ઉં.વ.૫૨) (ધંધો-ગેરેજ) (રહે.,આંબોલી ગામ, શક્તિનગર, તા.કામરેજ), વિનોદભાઈ જનાર્ધનભાઈ ચૌધરી (ઉં.વ.૩૬) (રહે.,ગુરુકૃપા સોસાયટી, ખોલવડ, તા.કામરેજ), ચન્દ્રેશભાઈ નટુભાઈ પટેલ (ઉં.વ.૬૦) (રહે.,નવાગામ, પાછલું ફળિયું, તા.કામરેજ), ફિરોજ ટુટુલ શેખ (ઉં.વ.૩૭) (રહે.,ઘર નં.૨૧૩, ઈસ્માઈલ નગર, ભીંડી બજાર, ઉન પાટિયા, સુરત શહેર)નો સમાવેશ થાય છે, જ્યારે રાહુલભાઈ નટવરભાઈ પટેલ (રહે.,નવાગામ, તા.કામરેજ) અને રાકેશ ઉર્ફે નાથીયો ચીમનભાઈ પટેલ (રહે.,નવાગામ, તા.કામરેજ)ને ફરાર જાહેર કરાયા હતા.

# ભરૂચમાં કપાસનું વાવેતર અવ્વલ

**સારા** વરસાદથી ખેડૂતોમાં નવી આશા, ૯૯,૬૧૨ હેક્ટરમાં ખરીફ વાવેતર થયું


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચઃ 'કોટન કિંગ' તરીકે ઓળખાતા ભરૂચ જિલ્લામાં ચાલુ ખરીફ સિઝનમાં સારા વરસાદના પગલે ખેડૂતોમાં નવી આશા જાગી છે. સમયસર અને સંતોષકારક વરસાદ થતા ખેડૂતો પૂરજોશમાં વાવણી કાર્યમાં જોડાયા છે.

કૃષિ વિભાગના ૧૨ જુલાઈ સુધીના આંકડા મુજબ જિલ્લામાં કુલ ૯૯,૬૧૨ હેક્ટર વિસ્તારમાં વિવિધ ખરીફ પાકોનું વાવેતર પૂર્ણ થયું છે. તેમાં સૌથી વધુ ૭૨,૮૪૭ હેક્ટર વિસ્તારમાં કપાસનું વાવેતર નોંધાયુ છે, જે જિલ્લાના કૃષિ અર્થતંત્ર માટે સકારાત્મક સંકેત માનવામાં આવી રહ્યું છે.

ભરૂચ જિલ્લો રાજ્યમાં કપાસના ઉત્પાદનમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કૃષિ નિષ્ણાતોના જણાવ્યા મુજબ જમીનમાં પૂરતો ભેજ ઉપલબ્ધ હોવાથી કપાસના પાકનો વિકાસ સારો રહેવાની શક્યતા છે. જો આગામી દિવસોમાં પણ વરસાદ અનુકૂળ રહેશે તો ઉત્પાદન વધવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. જિલ્લામાં કપાસ પછી બીજા ક્રમે તુવરનું ૧૭,૭૮૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર નોંધાયું છે. ઉપરાંત શાકભાજીનું ૩૪૨૬ હેક્ટર, ડાંગરનું ૧૨૪૭ હેક્ટર તેમજ અન્ય ખરીફ પાકોનું પણ નોંધપાત્ર પ્રમાણમાં વાવેતર થયું છે. કૃષિ વિભાગનું માનવું છે કે, વરસાદની અનુકૂળ સ્થિતિને કારણે આગામી દિવસોમાં ખેડૂતો વધુ વિસ્તારમાં વાવેતર પૂર્ણ કરશે.

તાલુકાવાર વાવેતરના આંકડા પર નજર કરીએ તો જંબુસર તાલુકો ૩૦,૯૪૯ હેક્ટર સાથે જિલ્લામાં પ્રથમ સ્થાને રહ્યો છે. ત્યારબાદ ભરૂચ તાલુકામાં ૧૫,૭૧૯ હેક્ટર, અમોદમાં ૧૪૦૨૨ હેક્ટર, નેત્રંગમાં ૧૦૭૬૪ હેક્ટર અને ઝઘડિયામાં ૧૦૭૪૮ હેક્ટર વિસ્તારમાં વિવિધ પાકોનું વાવેતર નોંધાયું છે. કપાસના વાવેતરમાં પણ જંબુસર તાલુકો અગ્રેસર રહ્યો છે. અહીં ૨૭૮૪૭ હેક્ટર વિસ્તારમાં કપાસનું વાવેતર થયું છે. ત્યારબાદ અમોદમાં ૧૧૮૮૪ હેક્ટર અને ભરૂચ તાલુકામાં ૧૧૨૪૦ હેક્ટર વિસ્તારમાં કપાસની ખેતી કરવામાં આવી છે. જો આગામી દિવસોમાં ભારે વરસાદ અથવા લાંબા વિરામ જેવી સ્થિતિ સર્જાશે નહીં તો કપાસ સહિતના ખરીફ પાકોનું ઉત્પાદન સારું રહેવાની સંભાવના છે. કૃષિ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં વરસાદની સ્થિતિ અનુકૂળ રહેશે તો જિલ્લાના કુલ ખરીફ વાવેતરમાં વધુ વધારો થશે. જુલાઈ મહિનાના બાકીના દિવસોમાં પણ ખેડૂતો વાવણી પૂર્ણ કરે તેવી શક્યતા છે.

સારા વરસાદ અને અનુકૂળ હવામાનને કારણે ભરૂચ જિલ્લાના ખેડૂતો આ વર્ષે સારા ઉત્પાદન અને વધુ આવકની આશા સાથે ખેતીકાર્યમાં વ્યસ્ત બન્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલીમાં ઉનાળામાં ખોદેલા રસ્તાનું સમારકામ ન કરાતાં લોકો પરેશાન



બારડોલીઃ બારડોલી નગરપાલિકાના શાસકો અને અધિકારીઓની ગંભીર બેદરકારીનો ભોગ ફરી એકવાર સ્થાનિક જનતાએ બનવું પડ્યું છે. ઉનાળામાં વિકાસના નામે શ્રી શ્રી રવિશંકર માર્ગ પર ગટર લાઇન અને વીજ કંપની દ્વારા અંડરગ્રાઉન્ડ કેબલિંગ માટે આડેધડ ખોદકામ કરાયું હતું. જો કે, પાલિકા તંત્ર રસ્તાનું સમારકામ કરવાનું ભૂલી જતાં ચોમાસામાં પ્રજા માટે આફત સર્જાઇ છે. તંત્રએ માત્ર સંતોષ ખાતર રસ્તા પર કપચી નાંખી દેતાં વરસાદમાં વાહનો સ્લિપ થવા તેમજ મોટી દુર્ઘટનાઓની ભીતિ સેવાઈ રહી છે. શિશુમંદિર સ્કૂલથી હારમોની હાઇટ્સ અને સૃષ્ટિ તરફ જતો માર્ગ અત્યંત કફોડી હાલતમાં છે. ખરાબ રસ્તાઓને લીધે વાહનચાલકો, રહીશો અને વેપારીઓ ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. નિયમિત વેરો વસૂલવા છતાં પ્રાથમિક સુવિધા ન મળતા સ્થાનિકોમાં પાલિકાની ભ્રષ્ટ નીતિ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### કડોદ ગામમાં ૫૧ વડનાં રોપા રોપાયા



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ કડોદ ગામમાં 12 જુલાઈ, 2026ના રોજ નર્મદા કિનારે મુદીતા ચેરિટેબલ ટ્રસ્ટ અને હરિઓમ સોલાર ફાઉન્ડેશન ટ્રસ્ટના ઉપક્રમે 51 વડનાં રોપા રોપવામાં આવ્યા હતા. મુદીતા ટ્રસ્ટના પ્રમુખ મહેન્દ્રસિંહ રણાએ પોતાની દીકરી આરોહીબાના જન્મદિવસને સમાજોપયોગી બનાવવા માટે આ સરાહનીય પર્યાવરણલક્ષી પહેલ કરી હતી. કાર્યક્રમની શરૂઆત કોટેશ્વર મહાદેવ મંદિરે અલ્પાહારથી થઇ હતી. ત્યારબાદ બંને ટ્રસ્ટના હોદ્દેદારો મહેન્દ્રસિંહ રણા, વિક્રમસિંહ છાસટિયા, શૈલેષભાઈ આહિર, હરિઓમ સોલાર ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખ મગનભાઈ હનિયા અને નવીનભાઈ મિસ્ત્રી સહિત સામાજિક આગેવાનો, યુવાનો અને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કર્યું હતું. અંતમાં સૌએ ભોજન પ્રસાદ ગ્રહણ કરી વાવેલાં રોપાના જતન અને પર્યાવરણ સંરક્ષણની સામૂહિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

### વાલિયાની કોલેજમાં વૃક્ષારોપણ અભિયાન



ભરૂચઃ ભરૂચના વાલિયા સ્થિત શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજમાં સોમવારે એન.એસ.એસ. (NSS) યુનિટના ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆત ઇનચાર્જ આચાર્ય ડો.નિયતિબેન ભટ્ટ, એન.એસ.એસ. અધિકારી ડો.પુષ્પાબેન પટેલ અને ડો.કુસુમ પટેલ, ડો.દિનેશસિંહ રાજ, પ્રા.પ્રિયાબેન સહિતના સ્ટાફે વૃક્ષારોપણ કરીને કરી હતી. મોટી સંખ્યામાં હાજર રહેલી એન.એસ.એસ. સ્વયંસેવિકાઓએ વિવિધ પ્રજાતિના છોડ રોપી હરિયાળી વધારવાનો સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે 'વૃક્ષ વાવો - પ્રકૃતિ બચાવો'ના સૂત્રને આત્મસાત કરી પર્યાવરણની રક્ષા કરવા અને આવનારી પેઢી માટે સ્વચ્છ વાતાવરણ છોડવાનો અનુરોધ કરાયો હતો.

### અંકલેશ્વરમાં પરિણીતાની આત્મહત્યાના ગુનામાં પતિ સહિત 5 સામે ગુનો દાખલ

અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકાના દઢાલ ગામે રહેતી ૨૩ વર્ષીય પરિણીતા ઉજાલાએ લગ્નના ટૂંકા ગાળામાં જ સાસરિયાંના ત્રાસથી કંટાળી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઉત્તરપ્રદેશના મૂળ રહેવાસી વેદપ્રકાશ પાસવાને નોંધાવેલી ફરિયાદ મુજબ, ૭ મે, ૨૦૨૬ના રોજ થયેલાં લગ્ન બાદ તેમની પુત્રીને સોનાના દાગીના અને મકાનના હપ્તા ભરવા ૩.૫ લાખની માંગણી કરી શારીરિક-માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. અલગ રૂમ ન આપી સતત અપમાનિત કરાતાં ઉજાલાએ ૧૧ જુલાઈએ આપઘાત કર્યો હતો. મૃતકના પિતાની ફરિયાદના આધારે અંકલેશ્વર ગ્રામ્ય પોલીસે પતિ અજીતકુમાર, સાસુ, સસરા, જેઠ અને જેઠાણી સહિત પાંચેય સાસરિયાં સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી ધરપકડ કરી છે.

### બલેશ્વરમાં ૬ લાખનો દારૂ ઝડપાયો

પલસાણાઃ સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે પલસાણાના બલેશ્વર ગામે ઇસરોલી ફળિયામાં એક ઘરમાં રેઇડ પાડીને ૬,૦૬,૨૭૩ની કિંમતનો ૩,૩૦૮ નંગ વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. ઘટના સ્થળેથી પોલીસે વાસંતીબેન પટેલ નામની ૫૦ વર્ષીય મહિલાની ધરપકડ કરી છે. પૂછપરછમાં સામે આવ્યું કે આ જથ્થો તેની બહેન અને લિસ્ટેડ બુટલેગર નીતાબેન તેમજ તેના ભત્રીજા જિજ્ઞેશ ઉર્ફે લાલુએ મંગાવ્યો હતો. પોલીસે મુખ્ય આરોપી નીતાબેન અને જિજ્ઞેશને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ભરૂચ નગરમાં જગન્નાથ રથયાત્રા પૂર્વે શાંતિ સમિતિની બેઠક મળી

ભરૂચઃ આગામી 16 જુલાઈએ યોજાનારી ભગવાન જગન્નાથજીની ઐતિહાસિક રથયાત્રા શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય એ માટે જિલ્લા પોલીસ કચેરી ખાતે વિશેષ શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાની અધ્યક્ષતામાં આ ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં રથયાત્રાના રૂટ, સુરક્ષા વ્યવસ્થા, ટ્રાફિક નિયંત્રણ અને કોમી એકતાના મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ભરૂચ શહેર અને અંકલેશ્વરના હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો, રથયાત્રા સમિતિના સભ્યો તેમજ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સાગબારા પંથકમાં દીપડાના આતંક વચ્ચે નવાગામના

# યુવાનનું રહસ્યમય મોત થતાં વન વિભાગ વિરુદ્ધ લોકરોષ

**ખેતરમાંથી** લાશ મળી હતી, દીપડાએ હુમલો કર્યાની આશંકા



### સાગબારા વિસ્તારમાં 15 દિવસમાં જ ત્રણ હુમલા, એકનું મોત, બે ઘાયલ

માત્ર 15 દિવસની અંદર દીપડાએ કરેલા ત્રણ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે બે જણા ગંભીર રીતે ઘાયલ થયા છે. ત્યારે તાજેતરમાં જ ઝઘડિયા વન વિભાગ કચેરીમાં તંત્રની ઘોર નિષ્ફળતાને કારણે પાંજરામાં બંધ દીપડો ભાગી છૂટ્યો હતો. આ બનાવ બાદ વન વિભાગની ઊંઘ ઊડી ગઈ છે, ત્યારે નવાગામના એક યુવાનના રહસ્યમયી મોતથી સ્થાનિકો ઉચાટમાં છે.

સાગબારા, ભરૂચઃ આગબારા-ભરૂચ વિસ્તારમાં જંગલ વિસ્તાર સાચવતો વન વિભાગ અતિક્રમણ અને વન્યજીવોની હિલચાલ વચ્ચે સમતોલન સાધી શકતું નથી, ત્યારે દીપડાના હુમલાના બનાવો સતત વધી રહ્યા છે. તાજેતરમાં સેલંબાના નવાગામના યુવાન આકાશ ઉમેશભાઈ વસાવાનું રહસ્યમય મૃત્યુ થતાં આખા વિસ્તારમાં દહેશત ફેલાઈ ગઈ છે.

આકાશ વસાવા શનિવારે સાંજે કામ પતાવીને ઘરે ન પહોંચતાં પરિવારે શોધખોળ શરૂ કરી, પણ બે દિવસ સુધી તેનો કોઈ પત્તો ન લાગ્યો. સોમવારે સવારે ખેતરમાંથી તેનો ફૂલેલો મૃતદેહ મળી આવ્યો હતો. સ્થાનિકોએ મૃતદેહ જોઈને દીપડાનો હુમલો હોવાની આશંકા વ્યક્ત કરી છે.

મૃતદેહના ફોટા-વિડીયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં ગામમાં ભયનું વાતાવરણ છવાઈ ગયું છે. આ પહેલાં પાંચપીપરી ગામે જૈન સમાજના પિતા-પુત્રી પર દીપડાએ હુમલો કર્યો હતો, જેમાં પુત્રીને 32 ટાંકા આવ્યા હતા. તે જ દિવસે અડધા કલાકમાં બીજા યુવાન પર પણ હુમલો થયો હતો. છતાં વન વિભાગ દ્વારા હજુ સુધી માનવલોહી ચાખેલા આ દીપડાને પકડી શકાયો નથી. વિભાગ માત્ર 'સર્ચ ચાલુ છે' જેવી ખાલી ખાતરી આપી રહ્યો છે. જો કે, મૃતક યુવાન માટે FSLના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

# ભ્રષ્ટાચાર: સાવા ગામે વિકાસ કાર્યો બાબતે તપાસનો આદેશ

**અધિકારીઓએ** ઢાંકપીછોડો કરતાં મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમમાં પ્રશ્ન મુકાયો હતો

**ગાંધીનગરથી** તપાસનો આદેશ થતાં અધિકારીઓ હરકતમાં આવ્યા

હથોડાઃ કોસંબા નજીક આવેલા સાવા ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલાં વિવિધ વિકાસ કાર્યોમાં વ્યાપક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. સ્થાનિક કક્ષાએ યોગ્ય ન્યાય ન મળતાં આખરે ગામના જ એક જાગૃત નાગરિકે સીધા મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમમાં પુરાવા સાથે લેખિત ફરિયાદ નોંધાવતાં ગાંધીનગરથી ઉચ્ચસ્તરીય તપાસના આદેશ છૂટ્યા છે, જેને પગલે સ્થાનિક તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર સાવા ગામના જાગૃત નાગરિક સતીષભાઈ ધીરુભાઈ ફણસીયાએ ગ્રામ પંચાયત દ્વારા થયેલા વિકાસ કામોમાં નરી આંખે દેખાઈ આવતાં ભ્રષ્ટાચાર અંગે સૌપ્રથમ સુરત જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા કક્ષાએ રજૂઆતો કરી હતી. પરંતુ, સ્થાનિક અધિકારીઓ દ્વારા આ બાબતે યોગ્ય તપાસ કરવાને બદલે સમગ્ર કૌભાંડ પર ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ કરાયો હોવાનો આક્ષેપ થયો હતો. આથી નારાજ થઈને સતીષભાઈએ પંચાયત દ્વારા બનાવવામાં આવેલી ગટર લાઈન, પેવર બ્લોક, ડામરના રસ્તા તેમજ ગોચરની જમીનમાં ગેટકો દ્વારા નાંખવામાં આવેલી અંડરગ્રાઉન્ડ વીજ લાઈનનાં કામોમાં થયેલી ગેરરીતિઓના મજબૂત પુરાવાઓ એકત્ર કર્યા હતા. આ પાકા પુરાવાઓ સાથે તેમણે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમમાં લેખિત ફરિયાદ કરી નિષ્પક્ષ તપાસની માંગ કરી હતી. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા આ મામલાને ગંભીરતાથી લઈ તાકીદે તપાસ કરી રિપોર્ટ સોંપવાનો આદેશ કરાતા જ સુરત જિલ્લા અને માંગરોળ તાલુકા વહીવટી તંત્ર સફાળું જાગ્યું છે. માંગરોળ તાલુકા વિકાસ અધિકારી દ્વારા તાત્કાલિક અસરથી વિસ્તરણ અધિકારી સતીષભાઈ ગામીતને આ કેસની તપાસ સોંપવામાં આવી છે.

સમગ્ર ઘટના અંગે તપાસ અધિકારી અને વિસ્તરણ અધિકારી સતીષભાઈ ગામીતે જણાવ્યું હતું કે, આ બાબતે આગામી બે દિવસમાં જ ફરિયાદ કરનાર અરજદારને રૂબરૂ સાથે રાખીને સ્થળ પર નિષ્પક્ષ અને યોગ્ય તપાસ કરવામાં આવશે અને તપાસ પૂર્ણ થયા બાદ નિયત સમય મર્યાદામાં તેનો વિગતવાર રિપોર્ટ ઉચ્ચ કક્ષાએ રજૂ કરી દેવામાં આવશે.



# માંડવીમાં યુરિયા ખાતરની ભારે અછત, ખેડૂતોની કતાર

**વાવણીલાયક** વરસાદ છતાં ખાતર નહીં મળતાં ધરતીપુત્રો ચિંતિત બન્યા

માંડવીઃ માંડવી પંથકમાં લાંબા સમયની પ્રતીક્ષા બાદ આખરે મેઘરાજા મહેરબાન થયા છે. વાવણીલાયક ધોધમાર વરસાદ થતાં જ ખેડૂતોમાં હરખની હેલી જોવા મળી હતી. જો કે, કુદરતની મહેરબાની સામે વહીવટી તંત્ર અને સહકારી મંડળીઓના આગોતરા આયોજનના અભાવે સમગ્ર પંથકમાં યુરિયા ખાતરની ભારે અછત સર્જાઈ છે, જેને પગલે જગતનો તાત ભારે આક્રોશ અને ચિંતામાં ગરકાવ થઈ ગયો છે.

માંડવી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો વહેલી સવારથી જ ખાતર ડેપો બહાર લાંબી કતારો લગાવીને ઊભા રહી જાય છે.

હાલ ખેતરોમાં કામ કરવાનો કીમતી સમય હોવા છતાં ધરતીપુત્રોને કલાકો સુધી ભૂખ્યા-તરસ્યા તડકામાં લાઈનોમાં ઊભા રહેવાની નોબત આવી છે. આટલી હાલાકી ભોગવ્યા બાદ પણ ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ખાતરનો જથ્થો મળતો નથી. જેના કારણે તેમનો સમય અને નાણાં બંને વેડફાઈ રહ્યાં છે.

વાવણીનો આ સમય અત્યંત કટોકટીનો છે, જ્યાં એક-એક દિવસ કીમતી ગણાય. જો સમયસર ખાતર નહીં મળે તો અમારાં મોંઘાં બિયારણ અને કરેલી મહેનત એળે જશે. વહીવટી તંત્રની નિષ્ક્રિયતાને કારણે સર્જાયેલી આ કૃત્રિમ અછત અમને આર્થિક સકળામણમાં ધકેલી રહી છે.

# વાલોડમાં મંજૂર રસ્તાનું કામ અટકતાં પ્રજા પરેશાન

**રોજિંદા** અકસ્માતો અને વાહનોને થતા આર્થિક નુકસાન અંગે રજૂઆત કરનારા સાથે શાસકોનું ઉદ્ધત વર્તન



વાલોડઃ વાલોડ તાલુકા પંચાયતમાં વહીવટી કર્મચારીઓની લાલિયાવાડી અને આડોડાઈ સામે સ્થાનિક પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વાલોડ ગ્રામ પંચાયત વિસ્તારમાં ગટર લાઈન નાંખતી વખતે મુખ્ય રસ્તો આડેધડ તોડી નંખાયો હતો. હાલ ચોમાસામાં આ બિસમાર માર્ગ અકસ્માતનો અડ્ડો બન્યો છે.

પરિસ્થિતિ નિવારવા સરપંચે સ્વભંડોળ ગ્રાન્ટમાંથી સમારકામ માટે કરેલી અરજીને તાલુકા વિકાસ અધિકારીએ મંજૂરી આપી દીધી છે.

આમ છતાં, કચેરીના અડિયલ કર્મચારીઓ ટેકનિકલ નિયમોના બહાના હેઠળ ફાઈલ દબાવીને બેઠા હોવાનો સળગતો આક્ષેપ ઊઠ્યો છે. રોજિંદા અકસ્માતો અને વાહનોને થતા આર્થિક નુકસાન અંગે જ્યારે જાગૃત નાગરિકો રજૂઆત કરવા પહોંચ્યા, ત્યારે સત્તાના નશામાં ચૂર સરકારી બાબુઓએ તેમની સાથે અત્યંત ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હતું. ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતની આંતરિક લડાઈમાં નિર્દોષ જનતા પીસાઈ રહી છે. સ્થાનિકોએ આ મામલે ઉચ્ચ સ્તરેથી તાત્કાલિક તપાસ કરાવી જવાબદાર બેદરકાર કર્મચારીઓ સામે કડક શિક્ષાત્મક પગલાં ભરવા અને રસ્તાનું કામ વહેલી તકે શરૂ કરવા ઉગ્ર માંગ કરી છે.

### સુરતના સાસરિયા સામે માનસિક ત્રાસની ફરિયાદ

ભરૂચઃ સુરતના ડિંડોલી વિસ્તારમાં રહેતી ૩૮ વર્ષીય હંસાબેન શાહે પતિ અંકિત શાહ, સાસુ દીપિકાબેન, સસરા રાજેન્દ્ર શાહ અને ભાભી ઉષાબેન યાદવ સામે મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. વર્ષ-૨૦૧૪માં પ્રેમલગ્ન કરનાર પીડિતાને બીજી દીકરીનો જન્મ થતાં જ સાસરિયાં શારીરિક-માનસિક ત્રાસ આપવા લાગ્યા હતા. પતિએ ફોન પર જાનથી મારી નાંખવાની, ઘરમાંથી કાઢી મૂકવાની અને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી હતી. છેલ્લા ત્રણ મહિનાથી આરોપીઓ પીડિતાને તેનાં બાળકોને મળવા પણ દેતા ન હતા. સાસુ-સસરાની ઉશ્કેરણીથી કંટાળી આખરે પીડિતાએ ભરૂચ મહિલા પોલીસ મથકે ઘરેલુ હિંસા અને ત્રાસ અંગે ગુનો નોંધાવ્યો છે.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૯૧/૨૦૨૬
તા.૦૭/૦૭/૨૦૨૬

વાદી :- જેસીંગભાઈ રેવાભાઈ ચૌધરી, રહે.કસાલ, વાવ ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૬૩.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કસાલ ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૬૩.

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જેસીંગભાઈ રેવાભાઈ ચૌધરી, રહે. કસાલ, વાવ ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૬૩એ તેઓના માતા રેવલીબેન રેવાભાઈ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: રેવલીબેન રેવાભાઈ ચૌધરી ૨. મરણ તારીખ: ૧૮/૦૪/૨૦૧૭ ૩. મરણનું સ્થળ: મોજે.કસાલ, તા.અરેઠ, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે રેવલીબેન રેવાભાઈ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૭/૦૯/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૯૦/૨૦૨૬
તા.૦૭/૦૭/૨૦૨૬

વાદી :- પ્રિકલબેન મુકેશભાઈની પુત્રી તે પરેશભાઈ નાયકાની પત્ની, રહે.કરચેલીયા, નાયકીવાડ, તા.મહુવા, જી.સુરત-૩૯૪૨૪૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી માલધા ગૃપ ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦.

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી પ્રિકલબેન મુકેશભાઈની પુત્રી તે પરેશભાઈ નાયકાની પત્ની, રહે.કરચેલીયા, નાયકીવાડ, તા.મહુવા, જી.સુરત-૩૯૪૨૪૦એ તેઓના પિતા મુકેશભાઈ નરસિંહભાઈ ઉર્ફે નરશીભાઈ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મુકેશભાઈ નરસિંહભાઈ ઉર્ફે નરશીભાઈ ચૌધરી ૨. મરણ તારીખ: ૦૫/૦૧/૨૦૦૧ ૩. મરણનું સ્થળ: મોજે.લીમધા, તા.માંડવી, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે મુકેશભાઈ નરસિંહભાઈ ઉર્ફે નરશીભાઈ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૭/૦૯/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૯૫/૨૦૨૬
તા.૦૮/૦૭/૨૦૨૬

વાદી :- ચૌધરી અશોકભાઈ બંસીભાઈ, રહે.ચૌધરી ફળિયું, મુ.સોલી, પો.લુહારવડ, તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી લુહારવડ ગૃપ ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ચૌધરી અશોકભાઈ બંસીભાઈ, રહે.ચૌધરી ફળિયું, મુ.સોલી, પો.લુહારવડ, તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦એ તેઓના બહેન કુંતાબેન બાબુભાઈ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: કુંતાબેન બાબુભાઈ ચૌધરી ૨. મરણ તારીખ: ૩૧/૦૧/૨૦૦૭ ૩. મરણનું સ્થળ: મોજે.લુહારવડ, તા.માંડવી, જી.સુરત સંબબ, ઉપરોક્ત વિગતે કુંતાબેન બાબુભાઈ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૦/૦૯/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

